# 21 ત્રિપરિમાણીય ભૂમિતિ

- **અવકાશમાં રેખા**

અવકાશમાં આવેલાં કોઈ પણ બે ભિન્ન બિંદુઓ એક અનન્ય રેખા નિશ્ચિત કરે છે. અવકાશની રેખાને મુખ્યત્વે L, M, N,... વડે દર્શાવાય છે.

- **રેખાની દિશા**

જો $R^3$ ની રેખા L પર બે ભિન્ન બિંદુઓ A અને B હોય, તો $\overrightarrow{AB}$ અને $\overrightarrow{BA}$ આ બે વિરુદ્ધ દિશાના સદિશો છે.

જો $\overrightarrow{AB}$ ની દિશા $\vec{l}$ હોય, તો $\overrightarrow{BA}$ ની દિશા $-\vec{l}$ થશે. $\overleftrightarrow{AB}$ (અથવા રેખા $L$)ની દિશા $\pm\vec{l}$ લેવામાં આવે છે.

જો **રેખા L ની દિક્‌કોસાઈન એટલે કે તે રેખા પર આવેલા કોઈ પણ સદિશની દિક્‌કોસાઈન.** જો રેખા $L$ ની દિક્‌કોસાઈન $l, m, n$ હોય, તો રેખા L ની દિક્‌કોસાઈન $-l, -m, -n$ પણ થાય. અહીં, $l^2 + m^2 + n^2 = 1$.

- **બિંદુ $A(\vec{a})$ માંથી પસાર થતી તથા શૂન્યેતર સદિશ $\vec{l}$ ની દિશાવાળી રેખાનું સમીકરણ :**

    - **સદિશ સમીકરણ (Vector equations) :** $\vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$.

    - **પ્રચલ સમીકરણ (Parametric equations) :** જો $\vec{r} = (x, y, z)$, $\vec{a} = (x_1, y_1, z_1)$ અને $\hat{l} = (l_1, l_2, l_3)$ હોય, તો રેખાના પ્રચલ સમીકરણ : $x = x_1 + kl_1,\ y = y_1 + kl_2,\ z = z_1 + kl_3\ (k \in R)$

    - **કાર્તેઝિય સમીકરણ (સંમિત સ્વરૂપ) (Symmetric form) :**

$$\frac{x - x_1}{l_1} = \frac{y - y_1}{l_2} = \frac{z - z_1}{l_3}\ (= k)$$

જો $l_1 = 0, l_2 \ne 0, l_3 \ne 0$, તો રેખાનાં સમીકરણ $x = x_1, \frac{y - y_1}{l_2} = \frac{z - z_1}{l_3}$ **અથવા**

$\frac{x - x_1}{0} = \frac{y - y_1}{l_2} = \frac{z - z_1}{l_3}$ (અહીં $x - x_1$ ના છેદમાં શૂન્યનો અર્થ સદિશ $\vec{l}$ નો પ્રથમ ઘટક $l_1 = 0$ તો $x = x_1$ તે જ પ્રમાણે, જો $l_1 = 0, l_2 = 0$ તો રેખાનું સમીકરણ $\frac{x - x_1}{0} = \frac{y - y_1}{0} = \frac{z - z_1}{l_3}$ થશે, એટલે કે $x = x_1, y = y_1, z$ સ્વૈર.)

જો રેખાની દિક્‌કોસાઈન $l, m, n$ હોય, તો રેખાનું સમીકરણ $\frac{x - x_1}{l} = \frac{y - y_1}{m} = \frac{z - z_1}{n}$ થાય, જ્યાં $l^2 + m^2 + n^2 = 1$.

    - કોઈક $k \in R$ માટે $(x_1 + kl_1, y_1 + kl_2, z_1 + kl_3)$ એ રેખા પરનું કોઈ પણ બિંદુ થશે.

- **$R^3$ માં યામાક્ષોનાં સમીકરણ :**

$X$–અક્ષનું સમીકરણ $y = 0, z = 0$

$Y$ – અક્ષનું સમીકરણ $z = 0, x = 0$

$Z$ – અક્ષનું સમીકરણ $x = 0, y = 0$

- **બે ભિન્ન બિંદુમાંથી પસાર થતી રેખાનું સમીકરણ :**
  - **બે ભિન્ન બિંદુઓ** $A(\vec{a})$ અને $B(\vec{b})$ માંથી પસાર થતી રેખાનું સદિશ સમીકરણ :

    $\vec{r} = \vec{a} + k(\vec{b} - \vec{a}),\ k \in R$

  - **પ્રચલ સમીકરણ :** જો $\vec{r} = (x, y, z)$, $\vec{a} = (x_1, y_1, z_1)$ અને $\vec{b} = (x_2, y_2, z_2)$ હોય, તો રેખાના

    પ્રચલ સમીકરણ : $\left.\begin{aligned} x &= x_1 + k(x_2 - x_1) \\ y &= y_1 + k(y_2 - y_1) \\ z &= z_1 + k(z_2 - z_1) \end{aligned}\right\} k \in R$

  - **કાર્તેઝિય સમીકરણ :**

    $$\frac{x - x_1}{x_2 - x_1} = \frac{y - y_1}{y_2 - y_1} = \frac{z - z_1}{z_2 - z_1}$$

    જો $x_1 = x_2$ તો સમીકરણ $\frac{x - x_1}{0} = \frac{y - y_1}{y_2 - y_1} = \frac{z - z_1}{z_2 - z_1}$ થશે.

    જો $x_1 = x_2, y_1 = y_2$ તો $x = x_1, y = y_1, z$ સ્વૈર.

- **સમરેખ બિંદુઓ :**

  $A(\vec{a})$, $B(\vec{b})$ અને $C(\vec{c})$ અવકાશનાં ભિન્ન બિંદુઓ છે.

  - જો A, B, C સમરેખ હોય તો $[\vec{a}\ \vec{b}\ \vec{c}] = 0$
  - A, B, C **સમરેખ હોવાની આવશ્યક અને પર્યાપ્ત શરત** $(\vec{c} - \vec{a}) \times (\vec{b} - \vec{a}) = \vec{0}$
  - **પરિણામ :** જો $A(\vec{a})$, $B(\vec{b})$ અને $C(\vec{c})$ અવકાશમાં ભિન્ન બિંદુઓ હોય અને શૂન્યેતર વાસ્તવિક સંખ્યાઓ $l, m, n$ એવી મળે કે જેથી $l + m + n = 0$ અને $l\vec{a} + m\vec{b} + n\vec{c} = \vec{0}$ **તો અને તો જ** $A(\vec{a})$, $B(\vec{b})$ અને $C(\vec{c})$ સમરેખ છે.

- **બે રેખા વચ્ચેના ખૂણાનું માપ**

  અવકાશની બે ભિન્ન રેખાઓ $L : \vec{r} = \vec{a} + k\vec{l},\ k \in R$ અને $M : \vec{r} = \vec{b} + k\vec{m},\ k \in R$ છે.

  (i) જો $\vec{l} = \vec{m}$ અથવા $\vec{l} = -\vec{m}$ તો $\vec{l} \times \vec{m} = \vec{0}$. તેથી બે રેખાઓ વચ્ચેના ખૂણાનું માપ શૂન્ય છે. બંને રેખાની દિશા સમાન છે, તેથી L અને M સંપાતી અથવા સમાંતર રેખાઓ છે.

  (ii) $\vec{l} \cdot \vec{m} = 0$ તો $\vec{l} \perp \vec{m}$ એટલે કે $L \perp M$. તેમની વચ્ચેના ખૂણાનું માપ $\frac{\pi}{2}$ થશે.

  (iii) $\vec{l} \neq \pm\vec{m}$ તથા $\vec{l} \cdot \vec{m} \neq 0$ અને L અને M વચ્ચેના ખૂણાનું માપ (લઘુકોણ) $\alpha$ હોય, તો

$$cos\alpha = \frac{|\vec{l} \cdot \vec{m}|}{|\vec{l}|\,|\vec{m}|},\ 0 < \alpha < \frac{\pi}{2}$$

આ પરિણામ $\alpha = 0$ અને $\alpha = \frac{\pi}{2}$ માટે પણ સત્ય છે, એટલે કે $cos\alpha = \frac{|\vec{l} \cdot \vec{m}|}{|\vec{l}|\,|\vec{m}|},\ 0 \le \alpha \le \frac{\pi}{2}$.

- **બે રેખાઓ વચ્ચેનો કોણદ્વિભાજક**

બે છેદક રેખાઓનું છેદબિંદુ $A(\vec{a})$ હોય, તો તે બે રેખાનાં સમીકરણ $\vec{r} = \vec{a} + k\vec{l},\ k \in R$ અને $\vec{r} = \vec{a} + k\vec{m},\ k \in R$ લેતાં, તેમના વચ્ચેના **છેદકોણના દ્વિભાજકનું સમીકરણ** $\vec{r} = \vec{a} + t\left\{\frac{\vec{l}}{|\vec{l}|} \pm \frac{\vec{m}}{|\vec{m}|}\right\}$ થશે.

**લઘુકોણના કોણ દ્વિભાજક (અંતઃ દ્વિભાજક) માટે '+' ચિહ્ન અને ગુરુકોણના કોણદ્વિભાજક (બર્હિદ્વિભાજક) માટે '–' ચિહ્ન લેવું.**

- **બે ભિન્ન રેખાઓ $\vec{r} = \vec{a} + k\vec{l},\ k \in R$ અને $\vec{r} = \vec{b} + k\vec{m},\ k \in R$ પરસ્પર છેદે, તો**

  $(\vec{a} - \vec{b}) \cdot (\vec{l} \times \vec{m}) = 0$.

  જો $\vec{a} = (x_1, y_1, z_1),\ \vec{b} = (x_2, y_2, z_2),\ \vec{l} = (l_1, l_2, l_3)$ અને $\vec{m} = (m_1, m_2, m_3)$ હોય, તો બે રેખાઓ

  છેદે, તે માટેની શરતનું કાર્તેઝિય સ્વરૂપ $\begin{vmatrix} x_1 - x_2 & y_1 - y_2 & z_1 - z_2 \\ l_1 & l_2 & l_3 \\ m_1 & m_2 & m_3 \end{vmatrix} = 0$

- બે ભિન્ન રેખાઓ $\vec{r} = \vec{a} + k\vec{l},\ k \in R$ અને $\vec{r} = \vec{b} + k\vec{m},\ k \in R$ સમતલીય હોવા માટેની આવશ્યક શરત $(\vec{a} - \vec{b}) \cdot (\vec{l} \times \vec{m}) = 0$.
- જો બે રેખાઓને સમાવતું કોઈ પણ સમતલ ન મળે, તો તે બે રેખાઓને **વિષમતલીય રેખાઓ (Skew lines)** કહે છે.
- જો બે રેખાઓ $\vec{r} = \vec{a} + k\vec{l},\ k \in R$ અને $\vec{r} = \vec{b} + k\vec{m},\ k \in R$ માટે $(\vec{a} - \vec{b}) \cdot (\vec{l} \times \vec{m}) \neq 0$ તો તે **બે રેખાઓ વિષમતલીય** છે.

- **બે રેખાઓ વચ્ચેનો સંબંધ**

રેખા $L : \vec{r} = \vec{a} + k\hat{l},\ k \in R$ અને $M : \vec{r} = \vec{b} + k\vec{m},\ k \in R$, માટે

(1) જો $\vec{l} \times \vec{m} = \vec{0}$ અને $(\vec{b} - \vec{a}) \times \vec{l} \neq \vec{0}$ તો L||M.

(2) જો $\vec{l} \times \vec{m} = \vec{0}$ અને $(\vec{b} - \vec{a}) \times \vec{l} = \vec{0}$ તો L અને M સંપાતી રેખાઓ છે.

(3) જો $\vec{l} \times \vec{m} \neq \vec{0}$ અને $(\vec{b} - \vec{a}) \cdot (\vec{l} \times \vec{m}) \neq 0$ તો L અને M વિષમતલીય રેખાઓ છે.

(4) જો $\vec{l} \times \vec{m} \neq \vec{0}$ અને $(\vec{b} - \vec{a}) \cdot (\vec{l} \times \vec{m}) = 0$ તો L અને M છેદક રેખાઓ છે.

- **બિંદુનું રેખાથી લંબઅંતર :**

બિંદુ $P(\vec{p})$ નું રેખા $\vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$ થી લંબઅંતર $= \dfrac{|(\vec{p} - \vec{a}) \times \vec{l}|}{|\vec{l}|}$ અથવા $|(\vec{p} - \vec{a}) \times \vec{l}|$ થાય.

- **બે સમાંતર રેખાઓ વચ્ચેનું લંબઅંતર :**

ધારો કે $L : \vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$ અને $M : \vec{r} = \vec{b} + k\vec{l}$, $k \in R$ બે સમાંતર રેખાઓ છે. L અને M વચ્ચેનું

લંબઅંતર $= \dfrac{|(\vec{b} - \vec{a}) \times \vec{l}|}{|\vec{l}|}$.

- **બે વિષમતલીય રેખાઓ વચ્ચેનું લંબઅંતર (ન્યૂનતમ અંતર) :**

ધારો કે $L : \vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$ અને $\vec{r} = \vec{b} + k\vec{m}$, $k \in R$ વિષમતલીય રેખાઓ છે. L અને M વચ્ચેનું

ન્યૂનતમ અંતર $= \dfrac{|(\vec{b} - \vec{a}) \cdot (\vec{l} \times \vec{m})|}{|\vec{l} \times \vec{m}|}$.

- **બિંદુથી રેખા પરનો લંબપાદ, લંબરેખાનું સમીકરણ અને રેખામાં પ્રતિબિંબ :**

(1) બિંદુ $P(\alpha, \beta, \gamma)$ થી $L : \dfrac{x - x_1}{l_1} = \dfrac{y - y_1}{l_2} = \dfrac{z - z_1}{l_3}$ રેખા પરના લંબપાદ Mના યામ

$(x_1 + kl_1,\ y_1 + kl_2,\ z_1 + kl_3)$.

$\overrightarrow{\mathbf{PM}} \perp \vec{l}$ પરથી $k$ શોધી લંબપાદના યામ મેળવવા.

(2) રેખા L ને બિંદુ $P(\vec{p})$ માંથી લંબરેખાનું સમીકરણ $\vec{r} = \vec{p} + k\overrightarrow{\mathbf{PM}}$, $k \in R$.

(3) બિંદુ P નું રેખા L ને સાપેક્ષ પ્રતિબિંબ Q હોય, તો M એ $\overline{PQ}$ નું મધ્યબિંદુ થશે P અને M પરથી Q ના યામ મળે.

- **છેદક રેખાઓનું છેદબિંદુ :**

બે રેખાઓ $L : \vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$ અને $M : \vec{r} = \vec{b} + k\vec{m}$, $k \in R$ એકબીજાને અનન્ય બિંદુમાં છેદે છે.

રેખા $L : \dfrac{x - x_1}{l_1} = \dfrac{y - y_1}{l_2} = \dfrac{z - z_1}{l_3}$ પરનું કોઈ પણ બિંદુ $(x_1 + k_1l_1,\ y_1 + k_1l_2,\ z_1 + k_1l_3)$ અને રેખા

$M : \dfrac{x - x_2}{m_1} = \dfrac{y - y_2}{m_2} = \dfrac{z - z_2}{m_3}$ પરનું કોઈ પણ બિંદુ $(x_2 + k_2m_1,\ y_2 + k_2m_2,\ z_2 + k_2m_3)$ લઈએ.

બંને બિંદુના $x, y$ અને $z$ યામ સરખાવી $k_1$ અને $k_2$ ની કિંમત મેળવી, કોઈ પણ એક બિંદુના યામમાં આ કિંમત

મૂકવાથી છેદબિંદુના યામ મળશે.

- **સમતલ**
- **પૂર્વધારણા**

(1) ત્રણ ભિન્ન અસમરેખ બિંદુઓ અનન્ય સમતલ નિશ્ચિત કરે છે.

(2) એક રેખા અને આ રેખા પર ન હોય તેવું એક બિંદુ અનન્ય સમતલ નિશ્ચિત કરે છે.

(3) બે સમાંતર રેખાઓ અનન્ય સમતલ નિશ્ચિત કરે છે.

(4) અનન્ય બિંદુમાં છેદતી બે રેખાઓ એક અનન્ય સમતલ નિશ્ચિત કરે છે.

- **ત્રણ ભિન્ન અસમરેખ બિંદુઓમાંથી પસાર થતા સમતલનું સમીકરણ**

- $R^3$ નાં ત્રણ ભિન્ન અસમરેખ બિંદુઓ $A(\vec{a})$, $B(\vec{b})$ અને $C(\vec{c})$માંથી પસાર થતા સમતલનું સદિશ સમીકરણ $\vec{r} = l\vec{a} + m\vec{b} + n\vec{c}$, $l, m, n \in R$ અને $l + m + n = 1$.

- $(\vec{r} - \vec{a}) \cdot [(\vec{b} - \vec{a}) \times (\vec{c} - \vec{a})] = 0$ આ સમતલનું સદિશ સમીકરણ છે.

- **સમતલનાં પ્રચલ સમીકરણ :** $\vec{r} = (x, y, z)$, $A(x_1, y_1, z_1)$, $B(x_2, y_2, z_2)$ અને $C(x_3, y_3, z_3)$ લેતાં,

**સમતલનાં પ્રચલ સમીકરણ** $x = lx_1 + mx_2 + nx_3$ જ્યાં $l, m, n \in R$ અને $l + m + n = 1$.

$y = ly_1 + my_2 + ny_3$

$z = lz_1 + mz_2 + nz_3$

- **કાર્તેઝિય સમીકરણ :** $\begin{vmatrix} x - x_1 & y - y_1 & z - z_1 \\ x_2 - x_1 & y_2 - y_1 & z_2 - z_1 \\ x_3 - x_1 & y_3 - y_1 & z_3 - z_1 \end{vmatrix} = 0.$

- $XY$ – સમતલનું સમીકરણ $z = 0$

$YZ$ – સમતલનું સમીકરણ $x = 0$

$ZX$ – સમતલનું સમીકરણ $y = 0$

- **$R^3$ નાં ચાર ભિન્ન બિંદુઓ સમતલીય હોવા માટેની શરત :**

$A(x_1, y_1, z_1)$, $B(x_2, y_2, z_2)$, $C(x_3, y_3, z_3)$ અને $D(x_4, y_4, z_4)$ સમતલીય હોય, તો અને તો જ

$\begin{vmatrix} x_2 - x_1 & y_2 - y_1 & z_2 - z_1 \\ x_3 - x_1 & y_3 - y_1 & z_3 - z_1 \\ x_4 - x_1 & y_4 - y_1 & z_4 - z_1 \end{vmatrix} = 0.$ એટલે કે $\begin{vmatrix} x_1 & x_2 & x_3 & x_4 \\ y_1 & y_2 & y_3 & y_4 \\ z_1 & z_2 & z_3 & z_4 \\ 1 & 1 & 1 & 1 \end{vmatrix} = 0$

- **અક્ષો પર અંતઃખંડ બનાવતા સમતલનું સમીકરણ :**

જો સમતલ યામાક્ષોને $A(a, 0, 0)$, $B(0, b, 0)$ અને $C(0, 0, c)$ માં છેદે, તો સમતલનો $X$–અંતઃખંડ $a$, $Y$–અંતઃખંડ $b$ અને $Z$–અંતઃખંડ $c$ થાય.

- જો સમતલ $X$–અક્ષ સાથે $a$, $Y$–અક્ષ સાથે $b$ અને $Z$–અક્ષ સાથે $c$ અંતઃખંડ $(a \neq 0,\ b \neq 0,\ c \neq 0)$ બનાવે,

તો સમતલનું સમીકરણ $\frac{x}{a}+\frac{y}{b}+\frac{z}{c} = 1.$

- **સમતલનો અભિલંબ**

સમતલમાં આવેલી પ્રત્યેક રેખાને લંબ હોય તેવી રેખાની દિશામાં આવેલા સદિશને સમતલનો અભિલંબ કહે છે. સામાન્ય રીતે સમતલના અભિલંબને $\vec{n}$ અથવા $\vec{n_1}, \vec{n_2}, \vec{n_3}, \dots$ વડે દર્શાવાય છે.

- **$\vec{n}$ અભિલંબવાળા સમતલનું સમીકરણ :**

  - $A(\vec{a})$માંથી પસાર થતા અને $\vec{n}$ અભિલંબવાળા સમતલનું સદિશ સમીકરણ : $\vec{r}\cdot\vec{n} = \vec{a}\cdot\vec{n}$ છે.

    જો $\vec{a}\cdot\vec{n} = d$ લઈએ, તો સમતલનું સદિશ સમીકરણ $\vec{r}\cdot\vec{n} = d$ થશે.

  - **કાર્તેઝિય સમીકરણ :** $\vec{r} = (x, y, z),\ \vec{n} = (a, b, c),\ \vec{a} = (x_1, y_1, z_1)$ લેતાં, સમતલનું કાર્તેઝિય સમીકરણ $ax+by+cz = d$ થશે. જ્યાં $d = ax_1+by_1+cz_1$ **અથવા** $a(x-x_1)+b(y-y_1)+c(z-z_1) = 0,$ $a^2+b^2+c^2 \neq 0.$

  - $X-$ અક્ષને સમાંતર સમતલનું સમીકરણ $by+cz = d$
    $Y-$ અક્ષને સમાંતર સમતલનું સમીકરણ $ax+cz = d$
    $Z-$ અક્ષને સમાંતર સમતલનું સમીકરણ $ax+by = d$

  - સમતલના અભિલંબના દિક્‌ખૂણા $\alpha, \beta, \gamma$ હોય અને સમતલનું ઊગમબિંદુથી લંબઅંતર $p$ (અભિલંબની લંબાઈ) હોય, તેવા સમતલનું સમીકરણ $x\cos\alpha + y\cos\beta + z\cos\gamma = p.$

  - સમતલના સમીકરણ $ax+by+cz = d$ ને $x\cos\alpha + y\cos\beta + z\cos\gamma = d$ સ્વરૂપમાં ફેરવવા માટે સમતલના સમીકરણને $|\vec{n}|$ વડે ભાગીશું.

    સમીકરણનું સ્વરૂપ $\frac{a}{|\vec{n}|}x+\frac{b}{|\vec{n}|}y+\frac{c}{|\vec{n}|}z = \frac{d}{|\vec{n}|}$ થશે.

  - જો $d > 0$ તો $\vec{n} = (a, b, c)$ લઈશું અને $\hat{n} = \frac{\vec{n}}{|\vec{n}|} = \left(\frac{a}{|\hat{n}|}, \frac{b}{|\hat{n}|}, \frac{c}{|\hat{n}|}\right) = (\cos\alpha, \cos\beta, \cos\gamma)$

    અને $\frac{d}{|\vec{n}|} = p.$

  - જો $d < 0$ તો $\vec{n} = (-a, -b, -c)$ લઈશું અને

    $\hat{n} = \frac{\vec{n}}{|\vec{n}|} = \left(\frac{-a}{|\vec{n}|}, \frac{-b}{|\vec{n}|}, \frac{-c}{|\vec{n}|}\right) = (\cos\alpha, \cos\beta, \cos\gamma)$ અને $\frac{-d}{|\vec{n}|} = p.$

- સમતલ $ax+by+cz+d=0$ ને સમાંતર સમતલનું સમીકરણ $ax+by+cz+k=0$ જ્યાં $k \in R-\{d\}$.

- રેખા $\frac{x-x_1}{l} = \frac{y-y_1}{m} = \frac{z-z_1}{n}$ ને લંબ સમતલનું સમીકરણ $lx+my+nz+d=0$.

- **રેખા અને સમતલનો છેદગણ**

ધારો $L: \vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$ રેખા દર્શાવે છે અને $\pi: \vec{r} \cdot \vec{n} = d$ સમતલ દર્શાવે છે. $(\vec{l} \neq \vec{0}, \vec{n} \neq \vec{0})$.

$\vec{l} = (l_1, l_2, l_3)$, $\vec{n} = (a, b, c)$, $\vec{a} = (x_1, y_1, z_1)$ લેતાં,

(1) $\vec{l} \cdot \vec{n} = 0$ અને $ax_1 + by_1 + cz_1 \neq d$ તો રેખા સમતલને સમાંતર થશે, તેમનો છેદગણ $\emptyset$, એટલે કે $L \cap \pi = \emptyset$.

(2) $\vec{l} \cdot \vec{n} = 0$ અને $ax_1 + by_1 + cz_1 = d$ તો રેખા સમતલમાં આવેલી છે, તેથી $L \cap \pi = L$

(3) $\vec{l} \cdot \vec{n} \neq 0$ તો રેખા સમતલને અનન્ય બિંદુમાં છેદે છે. છેદબિંદુ મેળવવા માટે રેખા $\frac{x-x_1}{l_1} = \frac{y-y_1}{l_2} = \frac{z-z_1}{l_3}$ પરના કોઈ પણ બિંદુના યામ $P(x_1+kl_1, y_1+kl_2, z_1+kl_3)$ને સમતલના સમીકરણમાં મૂકી $k$ નું મૂલ્ય મેળવો. $k$ નું મૂલ્ય $P$ ના યામમાં મૂકતાં, છેદબિંદુ $P$ મળશે.

- **બે સમતલ વચ્ચેના ખૂણાનું માપ**

ધારો કે સમતલો $\pi_1 : \vec{r} \cdot \vec{n_1} = d_1$ અને $\pi_2 : \vec{r} \cdot \vec{n_2} = d_2$ છે. તેમના વચ્ચેના ખૂણાનું માપ $\theta$ છે.

(1) $\pi_1$ અને $\pi_2$ વચ્ચેના ખૂણાનું માપ $\frac{\pi}{2}$ હોય, તો અને તો જ $\vec{n_1} \cdot \vec{n_2} = 0$.

(2) $\pi_1$ અને $\pi_2$ વચ્ચેના ખૂણાનું માપ 0 હોય, તો અને તો જ $\vec{n_1} \times \vec{n_2} = \vec{0}$.

(3) $cos\theta = \frac{|\vec{n_1} \cdot \vec{n_2}|}{|\vec{n_1}||\vec{n_2}|}$, $0 \leq \theta \leq \frac{\pi}{2}$, એટલે કે $\theta = cos^{-1} \frac{|\vec{n_1} \cdot \vec{n_2}|}{|\vec{n_1}||\vec{n_2}|}$.

- જો સમતલનાં સમીકરણ $a_1x + b_1y + c_1z = d_1$ અને $a_2x + b_2y + c_2z = d_2$ હોય, તો

$$cos\theta = \frac{|a_1a_2 + b_1b_2 + c_1c_2|}{\sqrt{a_1^2 + b_1^2 + c_1^2}\sqrt{a_2^2 + b_2^2 + c_2^2}}.$$

એટલે કે $\theta = cos^{-1} \frac{|a_1a_2 + b_1b_2 + c_1c_2|}{\sqrt{a_1^2 + b_1^2 + c_1^2}\sqrt{a_2^2 + b_2^2 + c_2^2}}$.

- **રેખા અને સમતલ વચ્ચેનો ખૂણો**

ધારો કે રેખાનું સમીકરણ $\vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$ અને સમતલનું સમીકરણ $\vec{r} \cdot \vec{n} = d$ છે. જો રેખા અને સમતલ વચ્ચેનો ખૂણાનું માપ $\alpha$ હોય, તો $\alpha = sin^{-1} \dfrac{|\vec{l} \cdot \vec{n}|}{|\vec{l}||\vec{n}|}$, $0 < \alpha < \dfrac{\pi}{2}$.

- **બે સમાંતર રેખાઓમાંથી પસાર થતા સમતલનું સમીકરણ**

    - સમાંતર રેખાઓ $\vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$ અને $\vec{r} = \vec{b} + k\vec{l}$, $k \in R$ માંથી પસાર થતા સમતલનું સદિશ સમીકરણ $(\vec{r} - \vec{a}) \cdot [(\vec{b} - \vec{a}) \times \vec{l}\,] = 0$.

    - જો $\vec{a} = (x_1, y_1, z_1)$, $\vec{b} = (x_2, y_2, z_2)$ અને $\vec{l} = (l_1, l_2, l_3)$ હોય, તો સમતલનું કાર્તેઝિય સમીકરણ

$$\begin{vmatrix} x - x_1 & y - y_1 & z - z_1 \\ x_2 - x_1 & y_2 - y_1 & z_2 - z_1 \\ l_1 & l_2 & l_3 \end{vmatrix} = 0.$$

- **બે છેદતી રેખાઓમાંથી પસાર થતા સમતલનું સમીકરણ**

    - $\vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$ અને $\vec{r} = \vec{b} + k\vec{m}$, $k \in R$ પરસ્પર અનન્ય બિંદુમાં છેદતી બે રેખાઓ છે. આ રેખાઓમાંથી પસાર થતા સમતલનું સદિશ સમીકરણ $(\vec{r} - \vec{a}) \cdot (\vec{l} \times \vec{m}) = 0$.

    - જો $\vec{a} = (x_1, y_1, z_1)$, $\vec{l} = (l_1, l_2, l_3)$ અને $\vec{m} = (m_1, m_2, m_3)$, તો સમતલનું કાર્તેઝિય સમીકરણ

$$\begin{vmatrix} x - x_1 & y - y_1 & z - z_1 \\ l_1 & l_2 & l_3 \\ m_1 & m_2 & m_3 \end{vmatrix} = 0.$$

- **સમતલમાં ન હોય તેવા બિંદુથી સમતલનું લંબઅંતર**

સમતલનું સમીકરણ $\vec{r} \cdot \vec{n} = d$ છે અને $P(\vec{p})$ સમતલમાં ન હોય તેવું બિંદુ છે.

$P$ થી સમતલનું લંબઅંતર $= \dfrac{|\vec{p} \cdot \vec{n} - d|}{|\vec{n}|}$.

જો સમતલનું સમીકરણ $ax + by + cz + d = 0$ હોય અને $\vec{p} = (x_1, y_1, z_1)$ તો

લંબઅંતર $= \dfrac{|ax_1 + by_1 + cz_1 + d|}{\sqrt{a^2 + b^2 + c^2}}$.

- **બે સમાંતર સમતલો વચ્ચેનું લંબઅંતર**

સમાંતર સમતલો $\vec{r} \cdot \vec{n} = d_1$ અને $\vec{r} \cdot \vec{n} = d_2$ વચ્ચેનું લંબઅંતર $= \dfrac{|d_1 - d_2|}{|\vec{n}|}$.

- સમતલો $a_1x + b_1y + c_1z + d_1 = 0$ અને $a_2x + b_2y + c_2z + d_2 = 0$ એકબીજાને સમાંતર હોય, તો $\dfrac{a_1}{a_2} = \dfrac{b_1}{b_2} = \dfrac{c_1}{c_2}$, $d_1 \neq d_2$

- **બે સમતલોનો છેદ**

- સમતલો $\vec{r} \cdot \vec{n_1} = d_1$ અને $\vec{r} \cdot \vec{n_2} = d_2$ માટે જો $\vec{n_1} \times \vec{n_2} \neq \vec{0}$ તો બંને સમતલો એકબીજાને છેદે છે.

  સમતલોનો છેદ એક રેખા થશે. આ રેખાનું સમીકરણ $\vec{r} = \vec{a} + k\vec{l}$, $k \in R$, જ્યાં $\vec{l} = \vec{n_1} \times \vec{n_2}$.

  **સમતલોનું છેદબિંદુ એટલે કે છેદરેખા પરનું બિંદુ શોધવા માટે સમતલોના સમીકરણમાં $z = 0$ (અથવા $x$ કે $y$ નું મૂલ્ય 0) લઈ બંને સમીકરણ ઉકેલી $x$ અને $y$ નું મૂલ્ય મેળવવું.**

- સમતલો $a_1x + b_1y + c_1z + d_1 = 0$ અને $a_2x + b_2y + c_2z + d_2 = 0$ એકબીજાને છેદતાં હોય તો તેમની છેદ રેખામાંથી પસાર થતા સમતલનું સમીકરણ

$$a_1x + b_1y + c_1z + d_1 + \lambda\left(a_2x + b_2y + c_2z + d_2\right) = 0, \ \lambda \in R.$$

અથવા $\lambda(a_1x + b_1y + c_1z + d_1) + a_2x + b_2y + c_2z + d_2 = 0$

- **બિંદુનું સમતલમાં પ્રતિબિંબ**

ધારો કે બિંદુ $\mathrm{P}(x_1, y_1, z_1)$નું સમતલ $ax + by + cz + d = 0$ ને સાપેક્ષ પ્રતિબિંબ $\mathrm{Q}(x_2, y_2, z_2)$ છે.

હવે $\dfrac{x_2 - x_1}{a} = \dfrac{y_2 - y_1}{b} = \dfrac{z_2 - z_1}{c} = -2\left(\dfrac{ax_1 + by_1 + cz_1 + d}{a^2 + b^2 + c^2}\right) = r.$

$\therefore$ પ્રતિબિંબ $Q$ના યામ $(x_1 + ar, y_1 + br, z_1 + cr)$ થશે.

- **સમતલની બહારના બિંદુથી સમતલ પરનો લંબપાદ**

ધારો કે સમતલ $ax + by + cz + d = 0$ ની બહાર બિંદુ $\mathrm{P}(x_1, y_1, z_1)$ છે. Pમાંથી સમતલ પરનો લંબપાદ $M(x_2, y_2, z_2)$ હોય, તો $x_2 = x_1 + ar$, $y_2 = y_1 + br$, $z_2 = z_1 + br$ જ્યાં $r = -\dfrac{ax_1 + by_1 + cz_1 + d}{a^2 + b^2 + c^2}$.

- **બે સમતલો વચ્ચેના ખૂણાને દુભાગતાં સમતલોનાં સમીકરણ**

સમતલો $a_1x + b_1y + c_1z + d_1 = 0$ અને $a_2x + b_2y + c_2z + d_2 = 0$ વચ્ચેના ખૂણાને દુભાગતાં સમતલોનાં સમીકરણ

$$\frac{a_1x + b_1y + c_1z + d_1}{\sqrt{a_1^2 + b_1^2 + c_1^2}} = \pm \frac{a_2x + b_2y + c_2z + d_2}{\sqrt{a_2^2 + b_2^2 + c_2^2}}.$$

- **સમતલમાં રેખાનું પ્રતિબિંબ :**

રેખા : $\dfrac{x - x_1}{l_1} = \dfrac{y - y_1}{l_2} = \dfrac{z - z_1}{l_3}$ અને સમતલ $\pi : ax + by + cz + d = 0.$

- રેખા અને સમતલનું છેદબિંદુ P મેળવો.
- રેખા પરના બિંદુ $(x_1, y_1, z_1)$ નું સમતલમાં પ્રતિબિંબ Q મેળવો.
- $\overleftrightarrow{PQ}$ નું સમીકરણ મેળવો.

$\overleftrightarrow{PQ}$ એ સમતલમાં આપેલ રેખાનું પ્રતિબિંબ દર્શાવતી રેખા છે.

## બહુવિકલ્પી પ્રશ્નો

(1) અવકાશમાં આવેલી રેખાની દિક્‌કોસાઈન $\frac{1}{c}, \frac{1}{c}, \frac{1}{c}$ હોય તો ......

(A) $0 < c < 1.5$ (B) $c > 2$ (C) $c = \frac{1}{\sqrt{3}}$ (D) $c = \sqrt{3}$

**ઉકેલ :** રેખાની દિક્‌કોસાઈન $cos\alpha, cos\beta, cos\gamma$ લેતાં,

$cos^2\alpha + cos^2\beta + cos^2\gamma = 1$

$\therefore \frac{1}{c^2} + \frac{1}{c^2} + \frac{1}{c^2} = 1$

$\therefore 3 = c^2$

$\therefore c = \pm\sqrt{3}$ **જવાબ : (D)**

(2) (3, 2, 1) માંથી પસાર થતી અને $5x - 2y - z - 9 = 0$ને લંબરેખાનું સમીકરણ = ......

(A) $\frac{x-5}{3} = \frac{y+2}{2} = \frac{z+1}{1}$ (B) $\frac{x+3}{5} = \frac{y+2}{-2} = \frac{z+1}{-1}$

(C) $\frac{x-3}{5} = \frac{2-y}{2} = \frac{1-z}{1}$ (D) $\frac{x+3}{-5} = \frac{y+2}{2} = \frac{z+1}{1}$

**ઉકેલ :** સમતલ $5x - 2y - z - 9 = 0$ નો અભિલંબ સદિશ $\vec{n} = 5\hat{i} - 2\hat{j} - \hat{k}$ છે. રેખા સમતલને લંબ છે, તેથી રેખાની દિશા $\vec{n}$ થશે અને રેખા (3, 2, 1)માંથી પસાર થાય છે.

$\therefore$ રેખાનું સમીકરણ : $\frac{x-x_1}{l_1} = \frac{y-y_1}{l_2} = \frac{z-z_1}{l_3}$

$\therefore \frac{x-3}{5} = \frac{y-2}{-2} = \frac{z-1}{-1}$

$\therefore \frac{x-3}{5} = \frac{2-y}{2} = \frac{1-z}{1}$ **જવાબ : (C)**

(3) બિંદુ $(1, 2, -3)$થી રેખા $\frac{x+2}{-1} = \frac{y+1}{2} = \frac{z-3}{3}$ નું લંબઅંતર ......

(A) $\frac{15}{14}$ (B) $\sqrt{\frac{531}{14}}$ (C) $\frac{531}{14}$ (D) $\frac{\sqrt{531}}{14}$

ઉકેલ : બિંદુ $P(1, 2, -3)$ થી રેખા $\frac{x+2}{-1} = \frac{y+1}{2} = \frac{z-3}{3}$ નું લંબઅંતર,

$|\overrightarrow{AP} \times \hat{l}|$, જ્યાં $A(-2, -1, 3)$ અને $\vec{l} = (-1, 2, 3)$

$$p = \frac{|(3, 3, -6) \times (-1, 2, 3)|}{|(-1, 2, 3)|}$$

$$= \frac{|(21, -3, 9)|}{\sqrt{14}} = \sqrt{\frac{531}{14}}$$

**જવાબ : (B)**

(4) જો બિંદુઓ $(-3, -1, 2)$, $(1, 4, x)$ અને $(5, y, 8)$ સમરેખ હોય, તો $x$ અને $y$ અનુક્રમે ......

(A) 9 અને 5 (B) –5 અને 9 (C) 5 અને 9 (D) 5 અને –9

ઉકેલ : બિંદુઓ $\vec{a} = -3\hat{i} - \hat{j} + 2\hat{k}$, $\vec{b} = \hat{i} + 4\hat{j} + x\hat{k}$ અને $\vec{c} = 5\hat{i} + y\hat{j} + 8\hat{k}$ સમરેખ છે.

તેથી $(\vec{b} - \vec{a}) \times (\vec{c} - \vec{a}) = \vec{0}$.

$\therefore \quad (4\hat{i} + 5\hat{j} + (x-2)\hat{k}) \times (8\hat{i} + (y+1)\hat{j} + 6\hat{k}) = \vec{0}$

$\therefore \quad (-xy + 2y - x + 32)\hat{i} + (8x - 40)\hat{j} + (4y - 36)\hat{k} = \vec{0}$

$\therefore \quad 8x - 40 = 0$ અને $4y - 36 = 0$

$\therefore \quad x = 5$ અને $y = 9$

જુઓ કે $-xy + 2y - x + 32 = 0$ થાય છે.

**જવાબ : (C)**

**બીજી રીત :**

$\overrightarrow{\mathbf{BC}} = k\,\overrightarrow{\mathbf{AB}}$

$\therefore (4, 5, x-2)\,k = (4, y-4, 8-x)$

$\therefore 4k = k$

$\therefore k = 1$

$\therefore (4, 5, x-2) = (4, y-4, x-8)$

$\therefore y - 4 = 5 \Rightarrow y = 9$

$\therefore x - 2 = 8 - x \Rightarrow x = 5$

$\therefore x = 5, \ y = 9$

(5) યામાક્ષો સાથે સમાન માપના ખૂણા બનાવતી રેખાની દિક્કોસાઇન ...... છે.

(A) $\sqrt{3}, \sqrt{3}, \sqrt{3}$ (B) $\frac{1}{\sqrt{3}}, \frac{1}{\sqrt{3}}, \frac{1}{\sqrt{3}}$ (C) 1, 1, 1 (D) $-\sqrt{3}, -\sqrt{3}, -\sqrt{3}$

**ઉકેલ :** રેખાની દિક્‌કોસાઇન $l, m, n$ હોય, તો $l = m = n$ અને $l^2 + m^2 + n^2 = 1$.

$\therefore\ 3l^2 = 1$

$\therefore\ l = \pm\frac{1}{\sqrt{3}} = m = n.$

$\therefore$ રેખાની દિક્‌કોસાઇન $\pm\frac{1}{\sqrt{3}}, \pm\frac{1}{\sqrt{3}}, \pm\frac{1}{\sqrt{3}}$. **જવાબ : (B)**

(6) રેખા અક્ષોની ધનદિશા સાથે $\alpha, \beta, \gamma$ માપના ખૂણા બનાવે, તો $sin^2\alpha + sin^2\beta + sin^2\gamma =$ ......

(A) 2 (B) 1 (C) 0 (D) 3

**ઉકેલ :** રેખાના દિક્‌ખૂણાઓ $\alpha, \beta, \gamma$ છે.

$\therefore\ cos^2\alpha + cos^2\beta + cos^2\gamma = 1$

$\therefore\ 1 - sin^2\alpha + 1 - sin^2\beta + 1 - sin^2\gamma = 1$

$\therefore\ 2 = sin^2\alpha + sin^2\beta + sin^2\gamma$ **જવાબ : (A)**

(7) બિંદુ $(1, 2, 3)$ નું X-અક્ષથી અંતર = ......

(A) 1 (B) $\sqrt{14}$ (C) $\sqrt{13}$ (D) 5

**ઉકેલ:** $(x_1, y_1, z_1)$ નું $\frac{x}{1} = \frac{y}{0} = \frac{z}{0}$ થી અંતર $= |\overrightarrow{OA} \times \hat{l}| = |(x_1, y_1, z_1) \times (1, 0, 0)| = |(0, z_1, -y_1)| = \sqrt{y_1^2 + z_1^2}$

બિંદુનું $X$-અક્ષથી અંતર $= \sqrt{y^2 + z^2} = \sqrt{4+9} = \sqrt{13}$. **જવાબ : (C)**

**નોંધ :** $(x_1, y_1, z_1)$નું X-અક્ષથી અંતર = (1, 0, 0) નું (1, 2, 3) થી અંતર $= |3\hat{i} - 2\hat{j}| = \sqrt{13}$

(8) $6\sqrt{3}$ માનવાળો સદિશ અક્ષો સાથે સમાન માપના ખૂણા બનાવે, તો તે સદિશ ...... છે.

(A) $\sqrt{3}\,(\hat{i} + \hat{j} + \hat{k})$ (B) $-6\,(\hat{i} + \hat{j} + \hat{k})$ (C) $2\sqrt{3}\,(\hat{i} + \hat{j} + \hat{k})$ (D) $-2\sqrt{3}\,(\hat{i} + \hat{j} + \hat{k})$

**ઉકેલ :** સદિશ $\vec{r}$ એ અક્ષો સાથે સમાન ખૂણા બનાવે છે. તેની દિક્‌કોસાઇન $l, m, n$ લેતાં $l = m = n$ અને $l^2 + m^2 + n^2 = 1$.

$\therefore\ 3l^2 = 1$. આથી, $l = \pm\frac{1}{\sqrt{3}}$

$|\vec{r}| = 6\sqrt{3}$ હોવાથી, $\vec{r} = |\vec{r}|\,(l\hat{i} + m\hat{j} + n\hat{k}) = \pm 6(\hat{i} + \hat{j} + \hat{k})$ **જવાબ : (B)**

(9) રેખાઓ $\frac{x-6}{1} = \frac{y-7}{2} = \frac{z-17}{-3}$ અને $\frac{x-4}{-2} = \frac{y+5}{1} = \frac{z+3}{2}$ ને લંબરેખાના દિક્‌ગુણોત્તર ...... છે.

(A) 7, –4, –5 (B) –7, 4, 5 (C) 7, 4, 5 (D) 7, –4, 5

**ઉકેલ :** ધારો કે આપેલ રેખાઓને લંબરેખાના દિક્‌ગુણોત્તર $a, b, c$ છે.

હવે $a, b, c$ દિક્‌ગુણોત્તર વાળી રેખા $\frac{x-6}{1} = \frac{y-7}{2} = \frac{z-17}{-3}$ ને લંબ છે.

$\therefore\ a + 2b - 3c = 0$. તે જ પ્રમાણે $-2a + b + 2c = 0$

$$\therefore\ \frac{a}{4+3} = \frac{b}{-2+6} = \frac{c}{1+4}$$

$\therefore$ દિક્‌ગુણોત્તર 7, 4, 5.

**બીજી રીત :**

માંગેલ દિશા = (1, 2, –3) × (–2, 1, 2) = (7, 4, 5) **જવાબ : (C)**

(10) રેખાઓ $\vec{r} = (4\hat{j} - \hat{k}) + t(-3\hat{i} + 2\hat{j} + \hat{k}),\ t \in R$ અને $\vec{r} = (2\hat{i} + \hat{j} - \hat{k}) + s(2\hat{i} + \hat{j} - 3\hat{k}),\ s \in R$ વચ્ચેના ખૂણાનું માપ ......

(A) $\frac{\pi}{3}$ (B) $\frac{2\pi}{3}$ (C) $\frac{\pi}{6}$ (D) $\frac{5\pi}{6}$

**ઉકેલ :** $\vec{l} = (-3, 2, 1),\ \vec{m} = (2, 1, -3)$

હવે, $\cos\theta = \frac{|\vec{l} \cdot \vec{m}|}{|\vec{l}|\,|\vec{m}|} = \frac{|-6+2-3|}{\sqrt{14} \cdot \sqrt{14}} = \frac{7}{14} = \frac{1}{2}$

$\therefore\ \theta = \frac{\pi}{3}$. **જવાબ : (A)**

(11) $a$ લંબાઈની બાજુવાળા સમઘનના બે વિકર્ણો વચ્ચેના ખૂણાનું માપ ......

(A) $\cos^{-1}\frac{1}{\sqrt{3}}$ (B) $\cos^{-1}\frac{1}{3}$ (C) $\frac{\pi}{6}$ (D) $\frac{\pi}{3}$




આકૃતિ 21.1

**ઉકેલ :** સમઘનને ચાર વિકર્ણો છે : $\overline{OP}, \overline{AL}, \overline{BM}$ અને $\overline{CN}$.

$\overrightarrow{OP}$ માટે $\vec{l} = (a, a, a)$ આથી, $\hat{l} = \left(\frac{1}{\sqrt{3}}, \frac{1}{\sqrt{3}}, \frac{1}{\sqrt{3}}\right)$

અને $\overrightarrow{\mathbf{AL}}$ માટે $\vec{m} = (-a, a, a)$ આથી, $\hat{m} = \left(-\frac{1}{\sqrt{3}}, \frac{1}{\sqrt{3}}, \frac{1}{\sqrt{3}}\right)$

$$cos\,(\overrightarrow{\mathbf{OP}} \,\hat{}\, , \overrightarrow{\mathbf{AL}}) = |\hat{l} \cdot \hat{m}|$$

$$= \left|\frac{1}{\sqrt{3}}\left(-\frac{1}{\sqrt{3}}\right) + \frac{1}{\sqrt{3}}\left(\frac{1}{\sqrt{3}}\right) + \frac{1}{\sqrt{3}}\left(\frac{1}{\sqrt{3}}\right)\right|$$

$$= \frac{1}{3}$$

$$\therefore \quad (\overrightarrow{\mathbf{OP}} \,\hat{}\, , \overrightarrow{\mathbf{AL}}) = cos^{-1}\,\frac{1}{3}.$$

તે જ પ્રમાણે કોઈ પણ બે વિકર્ણો વચ્ચેના ખૂણાનું માપ $cos^{-1}\,\frac{1}{3}$ થાય. **જવાબ : (B)**

(12) $A(1, 3, 2)$ અને $B(3, 9, 5)$માંથી પસાર થતી રેખા પર $\overline{AB}$ ના મધ્યબિંદુથી 7 એકમના અંતરે આવેલું બિંદુ ...... છે.

(A) $(4, 12, 13)$ (B) $\left(0, 0, \frac{1}{2}\right)$ (C) $\left(4, 12, \frac{13}{4}\right)$ (D) $\left(0, 0, \frac{1}{4}\right)$

**ઉકેલ :** $\overleftrightarrow{\mathrm{AB}}$ નું સમીકરણ $\vec{r} = \vec{a} + k\,\vec{l}, \; k \in R$

$\therefore \quad \vec{r} = (1, 3, 2) + k(2, 6, 3), \; k \in R$

$\therefore$ $\overleftrightarrow{\mathrm{AB}}$ પરનું કોઈ પણ બિંદુ $P(1 + 2k,\, 3 + 6k,\, 2 + 3k)$ છે.

બિંદુ $P$ નું $\overline{AB}$ ના મધ્યબિંદુ $M\left(2, 6, \frac{7}{2}\right)$થી અંતર 7 છે.

$\therefore \quad PM = 7.$ આથી, $PM^2 = 49$

$$\therefore \quad (2k + 1 - 2)^2 + (6k + 3 - 6)^2 + \left(3k + 2 - \frac{7}{2}\right)^2 = 49$$

$$\therefore \quad (2k - 1)^2 + (6k - 3)^2 + \left(3k - \frac{3}{2}\right)^2 = 49$$

$$\therefore \quad (2k - 1)^2 \left(1 + 9 + \frac{9}{4}\right) = 49$$

$$\therefore \quad (2k - 1)^2 = 4$$

$\therefore \quad 2k - 1 = 2$ અથવા $2k - 1 = -2$

$\therefore \quad k = \frac{3}{2}$ અથવા $k = -\frac{1}{2}$

$\therefore$ રેખા પરનાં બિંદુ $\left(4, 12, \frac{13}{2}\right)$ અને $\left(0, 0, \frac{1}{2}\right)$ છે. **જવાબ : (B)**

(13) $\frac{x-2}{3} = \frac{y-3}{4} = \frac{z-1}{2}$ અને $\frac{x-4}{4} = \frac{y-5}{5} = \frac{z-2}{3}$ વચ્ચેનું લઘુતમ અંતર શોધો.

(A) $\sqrt{6}$ (B) $\frac{1}{6}$ (C) $\frac{1}{\sqrt{6}}$ (D) 6

ઉકેલ : $\vec{a} = (2, 3, 1)$, $\vec{l} = (3, 4, 2)$, $\vec{b} = (4, 5, 2)$, $\vec{m} = (4, 5, 3)$

$\vec{b} - \vec{a} = (2, 2, 1)$ $\quad\quad$ $\vec{l} \times \vec{m} = (2, -1, -1)$

$\therefore$ લઘુતમ અંતર $= \dfrac{|(\vec{b} - \vec{a}) \cdot (\vec{l} \times \vec{m})|}{|\vec{l} \times \vec{m}|}$.

$= \dfrac{|2(2) + 2(-1) + 1(-1)|}{\sqrt{6}}$

$= \dfrac{1}{\sqrt{6}}$ **જવાબ : (C)**

(14) રેખાઓ $\vec{r} = (2, -5, 1) + k(3, 2, 6)$, $k \in R$ અને $\frac{x-7}{1} = \frac{y}{2} = \frac{z+6}{2}$ ...... છે.

(A) છેદક રેખાઓ (B) સમાંતર રેખાઓ

(C) સંપાતી રેખાઓ (D) વિષમતલીય રેખાઓ

ઉકેલ : $\vec{a} = (2, -5, 1)$, $\vec{l} = (3, 2, 6)$ અને $\vec{b} = (7, 0, -6)$, $\vec{m} = (1, 2, 2)$.

$\vec{l} \times \vec{m} = (-8, 0, 4) \neq \vec{0}$

$\therefore$ આપેલ રેખાઓ સમાંતર કે સંપાતી રેખાઓ નથી.

હવે $(\vec{b} - \vec{a}) \cdot (\vec{l} \times \vec{m}) = (5, 5, -7) \cdot (-8, 0, 4) = -40 - 28 \neq 0$

$\therefore$ આપેલ રેખાઓ વિષમતલીય રેખાઓ છે. **જવાબ : (D)**

(15) $(4, 1, 2)$ અને $(5, y, 0)$ માંથી પસાર થતી રેખા એ $(2, 1, 1)$ અને $(3, 3, z)$ માંથી પસાર થતી રેખાને સમાંતર હોય, તો $(y, z) =$ ......

(A) $(-1, 3)$ (B) $(3, -1)$ (C) $(-3, 1)$ (D) $(-3, -1)$

ઉકેલ : આપેલી રેખાઓના દિક્ગુણોત્તર $1, y-1, -2$ અને $1, 2, z-1$ છે.

રેખાઓ એકબીજીને સમાંતર છે.

$\therefore \frac{1}{1} = \frac{y-1}{2} = \frac{-2}{z-1}$

$\therefore y = 3$ અને $z = -1$ **જવાબ : (B)**

(16) બિંદુ $(4, 8, 1)$ નો બિંદુઓ $(-1, -3, 2)$ અને $(3, -1, 0)$ ને જોડતી રેખા પરનો લંબપાદ ...... .

(A) $\left(\frac{19}{3}, \frac{2}{3}, \frac{-5}{3}\right)$ (B) $\left(\frac{19}{3}, \frac{2}{3}, \frac{5}{3}\right)$ (C) $\left(\frac{19}{3}, \frac{-2}{3}, \frac{5}{3}\right)$ (D) $\left(\frac{19}{3}, \frac{-2}{3}, \frac{-5}{3}\right)$




આકૃતિ 21.2

**ઉકેલ :** $A(-1, -3, 2)$ અને $B(3, -1, 0)$ માંથી પસાર થતી રેખા $\overleftrightarrow{AB}$ નું સમીકરણ,

$\vec{r} = (-1, -3, 2) + k'(4, 2, -2),\ k' \in R$

$\therefore\ \vec{r} = (-1, -3, 2) + k(2, 1, -1),\ k = 2k' \in R$

ધારો કે $\overleftrightarrow{AB}$ પરનું બિંદુ $M(-1+2k,\ -3+k,\ 2-k)$ એ $P(4, 8, 1)$ માંથી $\overleftrightarrow{AB}$ પરનો લંબપાદ છે.

હવે $\overleftrightarrow{PM} \perp \vec{l}$. આથી $\overleftrightarrow{PM} \cdot \vec{l} = 0$

$\therefore\ (2k-5, k-11, -k+1) \cdot (2, 1, -1) = 0$

$\therefore\ 4k - 10 + k - 11 + k - 1 = 0$

$\therefore\ 6k = 22$ આથી $k = \frac{11}{3}$

$\therefore$ લંબપાદ $M\left(\frac{19}{3}, \frac{2}{3}, \frac{-5}{3}\right)$ **જવાબ : (A)**

(17) નીચે આપેલાં બિંદુઓમાંથી ...... બિંદુ, રેખા $\vec{r} = (2, 0, -1) + k(2, 1, -3),\ k \in R$ પર આવેલું નથી.

(A) $(6, 2, -7)$ (B) $(2, 0, -1)$ (C) $(-2, 1, 3)$ (D) $(4, 1, -4)$

**ઉકેલ :** રેખાનું સમીકરણ $\vec{r} = (2, 0, -1) + k(2, 1, -3),\ k \in R$

બિંદુ $(6, 2, -7)$ માટે $(6, 2, -7) = (2+2k, k, -1-3k)$ હોય, તો

$\therefore\ 6 = 2 + 2k,\quad k = 2,\quad -1 - 3k = -7$

$k = 2$ બાકીનાં બંને સમીકરણોનું સમાધાન કરે છે.

$\therefore\ (6, 2, -7)$ રેખા પર આવેલું છે.

$(2, 0, -1)$ રેખા પરનું બિંદુ છે જ.

હવે $(-2, 1, 3)$ માટે $(-2, 1, 3) = (2+2k,\ k,\ -1-3k)$ લેતાં,

$\therefore\ -2 = 2 + 2k,\ 1 = k,\ 3 = -1 - 3k$

$k = 1$ બાકીનાં બંને સમીકરણોનું સમાધાન કરતું નથી.

$\therefore\ (-2, 1, 3)$ રેખા પર આવેલું નથી.

$(4, 1, -4)$ માટે પણ $k = 1$ આથી $(4, 1, -4)$ રેખા પર છે. **જવાબ : (C)**

(18) રેખાઓ $x = ay + b,\ z = cy + d$ અને $x = a'y + b',\ z = c'y + d'$ પરસ્પર લંબ હોય, તો અને તો જ ......

(A) $aa' + bb' + cc' = 0$ (B) $(a + a')(b + b')(c + c') = 0$

(C) $aa' + cc' + 1 = 0$ (D) $aa' + bb' + cc' + 1 = 0$ (AIEEE:2003)

**ઉકેલ :** $x = ay + b$ અને $z = cy + d$ તથા $x = a'y + b',\ z = c'y + d'$

$\therefore\ \frac{x-b}{a} = y$ અને $y = \frac{z-d}{c}$

$\therefore\ \frac{x-b}{a} = \frac{y}{1} = \frac{z-d}{c}$ તે જ રીતે $\frac{x-b'}{a'} = \frac{y}{1} = \frac{z-d'}{c'}$

$\therefore\ \vec{l} = (a, 1, c)$ તથા $\vec{m} = (a', 1, c')$

બે રેખાઓ પરસ્પર લંબ છે. $\Leftrightarrow\ \vec{l} \cdot \vec{m} = 0\ \Leftrightarrow\ aa' + 1 + cc' = 0$ **જવાબ : (C)**

(19) રેખાઓ $\frac{x-2}{1} = \frac{y-3}{1} = \frac{z-4}{-k}$ અને $\frac{x-1}{k} = \frac{y-4}{2} = \frac{z-5}{1}$ સમતલીય હોય, તો ......

(A) $k = 1$ અથવા $-1$ (B) $k = 0$ અથવા $-3$ (C) $k = 3$ અથવા $-3$ (D) $k = 0$ અથવા $-1$

(AIEEE : 2003)

**ઉકેલ :** $\vec{a} = (2, 3, 4),\ \vec{l} = (1, 1, -k)$ તથા $\vec{b} = (1, 4, 5),\ \vec{m} = (k, 2, 1)$

રેખાઓ સમતલીય છે.

$$\therefore \begin{vmatrix} x_2 - x_1 & y_2 - y_1 & z_2 - z_1 \\ l_1 & l_2 & l_3 \\ m_1 & m_2 & m_3 \end{vmatrix} = 0$$

$$\therefore \begin{vmatrix} -1 & 1 & 1 \\ 1 & 1 & -k \\ k & 2 & 1 \end{vmatrix} = 0$$

$\therefore\ -1(1 + 2k) - 1(1 + k^2) + 1(2 - k) = 0$

$\therefore\ -1 - 2k - 1 - k^2 + 2 - k = 0$

$\therefore\ k^2 + 3k = 0$

$\therefore\ k(k + 3) = 0$

$\therefore\ k = 0$ અથવા $-3$ **જવાબ : (B)**

(20) જો કોઈ સમઘનની ત્રણ ધારો એ અવકાશના ત્રણ અક્ષો હોય, તો ઊગમબિંદુ અને તેની વિરુદ્ધ બાજુના ખૂણા પર આવેલા બિંદુને જોડતા વિકર્ણના દિક્‌ગુણોત્તર ...... થાય.

(A) $\langle 2, -2, 2 \rangle$ (B) $\left\langle -\frac{2}{\sqrt{3}}, \frac{2}{\sqrt{3}}, \frac{2}{\sqrt{3}} \right\rangle$ (C) $\langle 1, 1, 1 \rangle$ (D) $\langle 3, 2, 1 \rangle$

**ઉકેલ :** ધારો કે $a$ લંબાઈની બાજુવાળા સમઘનની ધારો $\overrightarrow{\mathbf{OA}}, \overrightarrow{\mathbf{OB}}, \overrightarrow{\mathbf{OC}}$ એ અનુક્રમે $X$-અક્ષ $Y$-અક્ષ અને $Z$-અક્ષ છે.

એક શિરોબિંદુ ઊગમબિંદુ $(0, 0, 0)$ અને બીજું શિરોબિંદુ $\mathrm{P}(a, a, a)$ થશે.

વિકર્ણ $\overline{\mathrm{OP}}$ ને સમાવતા સદિશ $\overrightarrow{\mathbf{OP}}$ ના દિક્‌ગુણોત્તર $\langle a-0, a-0, a-0\rangle$ એટલે કે $\langle 1, 1, 1\rangle$ થશે.

**જવાબ : (C)**

(21) બિંદુઓ $A(2, 1, -2)$ અને $B(3, -4, -1)$ ને જોડતા રેખાખંડના રેખા $\frac{x-4}{3} = \frac{y+9}{2} = \frac{z-1}{-6}$ પરના પ્રક્ષેપનું માન ......

(A) $\frac{26}{7}$ (B) $\frac{19}{7}$ (C) $\frac{16}{7}$ (D) $\frac{13}{7}$

**ઉકેલ :** $\overline{AB}$ ના રેખા $\vec{r} = \vec{a} + k\vec{l}, \ k \in R$ પરના પ્રક્ષેપનું માન

$= |(x_2 - x_1)l + (y_2 - y_1)m + (z_2 - z_1)n|$ જ્યાં $l, m, n$ એ રેખાના સદિશ $\vec{l}$ ની દિક્‌કોસાઇન છે.

$\overline{AB}$ માટે

$x_2 - x_1 = 1, \ y_2 - y_1 = -5, \ z_2 - z_1 = 1$ અને રેખાની દિક્‌કોસાઇન $l = \frac{3}{7}, \ m = \frac{2}{7}, \ n = \frac{-6}{7}$.

$\therefore$ પ્રક્ષેપનું માન $= \left|(1)\left(\frac{3}{7}\right) + (-5)\left(\frac{2}{7}\right) + (1)\left(\frac{-6}{7}\right)\right|$

$= \frac{1}{7}|3-10-6|$

$= \frac{13}{7}$

**જવાબ : (D)**

(22) ઊગમબિંદુથી રેખા $\{(4+3k, 2+4k, 4-5k) \mid k \in R\}$નું લંબઅંતર ......

(A) 2 (B) 6 (C) $5\sqrt{2}$ (D) $2\sqrt{5}$

**ઉકેલ :** ઊગમબિંદુ $\mathrm{O}(0, 0, 0)$ અને રેખા $\vec{r} = (4, 2, 4) + k(3, 4, -5), k \in R$ આપેલ છે.

$\therefore \ \mathrm{A}(\vec{a}) = (4, 2, 4)$ અને $\vec{l} = (3, 4, -5)$

લંબ અંતર $= |\overrightarrow{\mathrm{OA}} \times \hat{l}|$

$= \frac{30\sqrt{2}}{5\sqrt{2}} = 6$

**જવાબ : (B)**

(23) જો રેખાઓ $x=-1+s,\ y=3-\lambda s,\ z=1+\lambda s$ અને $x=\frac{t}{2},\ y=1+t,\ z=2-t,$ ($s, t$ પ્રચલ છે.) સમતલીય હોય, તો $\lambda =$ ......

(A) $-2$ (B) $-1$ (C) $-\frac{1}{2}$ (D) 0 (AIEEE : 2004)

**ઉકેલ :** રેખાઓનાં કાર્તેઝીય સમીકરણ,

$$\frac{x+1}{1}=\frac{y-3}{-\lambda}=\frac{z-1}{\lambda} \text{ અને } \frac{x}{\frac{1}{2}}=\frac{y-1}{1}=\frac{z-2}{-1}$$

$\therefore\ \vec{a}=(-1,3,1),\ \vec{l}=(1,-\lambda,\lambda)$ અને $\vec{b}=(0,1,2),\ \vec{m}=\left(\frac{1}{2},1,-1\right)$

રેખાઓ સમતલીય છે.

$$\therefore \begin{vmatrix} x_2-x_1 & y_2-y_1 & z_2-z_1 \\ l_1 & l_2 & l_3 \\ m_1 & m_2 & m_3 \end{vmatrix} = 0$$

$$\therefore \begin{vmatrix} 1 & -2 & 1 \\ 1 & -\lambda & \lambda \\ \frac{1}{2} & 1 & -1 \end{vmatrix} = 0$$

$$\therefore\ 1(\lambda-\lambda)+2\left(-1-\frac{\lambda}{2}\right)+1\left(1+\frac{\lambda}{2}\right)=0$$

$$\therefore\ -2-\lambda+1+\frac{\lambda}{2}=0$$

$$\therefore\ \lambda=-2$$

**જવાબ : (A)**

(24) રેખાઓ $\frac{x-1}{2}=\frac{y+1}{3}=\frac{z-1}{4}$ અને $\frac{x-3}{1}=\frac{y-k}{2}=\frac{z}{1}$ એકબીજાને છેદે, તો $k =$ ......

(A) $\frac{3}{2}$ (B) $\frac{9}{2}$ (C) $\frac{-2}{9}$ (D) $\frac{-3}{2}$ (IIT : 2004)

**ઉકેલ :** રેખાઓ $\vec{r}=(1,-1,1)+\lambda(2,3,4), \lambda \in R$ અને $\vec{r}=(3,k,0)+\lambda(1,2,1), \lambda \in R$ માટે

$\vec{a}=(1,-1,1),\ \vec{l}=(2,3,4)$ અને $\vec{b}=(3,k,0), \vec{m}=(1,2,1)$.

આપેલ રેખાઓ છેદક રેખાઓ છે.

$$\therefore \begin{vmatrix} 2 & k+1 & -1 \\ 2 & 3 & 4 \\ 1 & 2 & 1 \end{vmatrix} = 0$$

$$\therefore\ 2(-5)-(k+1)(-2)-1\,(1)=0$$

$$\therefore\ -10+2k+2-1=0$$

$\therefore\ k=\frac{9}{2}$ $\vec{l}\times\vec{m}\neq\vec{0}$ આથી $k=\frac{9}{2}$ માટે તે છેદક રેખાઓ છે. **જવાબ : (B)**

**નોંધ :** $(1,-1,1)$ બીજી રેખા પર નથી તે સ્પષ્ટ છે. આથી રેખાઓ સમાંતર નથી.

(25) રેખાઓ $2x = 3y = -z$ અને $6x = -y = -4z$ વચ્ચેના ખૂણાનું માપ ......

(A) $\frac{\pi}{2}$ (B) 0 (C) $\frac{\pi}{6}$ (D) $\frac{\pi}{4}$ (AIEEE: 2005)

**ઉકેલ :** રેખાઓ $\frac{x}{3} = \frac{y}{2} = \frac{z}{-6}$ અને $\frac{x}{2} = \frac{y}{-12} = \frac{z}{-3}$ માટે,

$\vec{l} = (3, 2, -6)$; $\vec{m} = (2, -12, -3)$

$$cos\theta = \frac{|\vec{l} \cdot \vec{m}|}{|\vec{l}||\vec{m}|}$$

$$= \frac{|6 - 24 + 18|}{\sqrt{9+4+36} \cdot \sqrt{4+144+9}} = 0$$

$\therefore \vec{l} \perp \vec{m}$

$\therefore$ રેખાઓ પરસ્પર લંબ છે.

$\therefore$ તેમની વચ્ચેના ખૂણાનું માપ $\frac{\pi}{2}$. **જવાબ : (A)**

(26) $A(1, 1, 1)$ માંથી પસાર થતી $B(1, 4, 6)$ અને $C(5, 4, 4)$ માંથી પસાર થતી $\overleftrightarrow{BC}$ ને લંબ રેખાનું સમીકરણ ......

(A) $\frac{x-1}{2} = \frac{y-1}{3} = \frac{z-1}{4}$ (B) $\frac{x-1}{3} = \frac{y-4}{4} = \frac{z-6}{5}$

(C) $\frac{x-5}{3} = \frac{y-4}{4} = \frac{z-4}{5}$ (D) $\frac{x-1}{-2} = \frac{y-1}{-3} = \frac{z-1}{4}$

**ઉકેલ :** $\overleftrightarrow{BC}$ નું સમીકરણ $\vec{r} = \vec{a} + k(\vec{b} - \vec{a}),\ k \in R = (1, 4, 6) + k(4, 0 - 2)\ k \in R$

ધારો કે બિંદુ $A$ માંથી $\overleftrightarrow{BC}$ પરનો લંબપાદ $M(1 + 4k, 4, 6 - 2k)$ છે.

$\therefore \overrightarrow{\mathbf{AM}} \perp \vec{l}$

$\therefore (4k, 3, 5 - 2k) \cdot (4, 0, -2) = 0$

$\therefore 16k - 10 + 4k = 0$

$\therefore k = \frac{1}{2}$

$\overrightarrow{\mathbf{AM}} = (4k, 3, 5 - 2k) = (2, 3, 4)$

$\therefore$ માંગેલ લંબરેખાનું સમીકરણ $\vec{r} = (1, 1, 1) + k\ (\overrightarrow{\mathbf{AM}}),\ k \in R$

$\therefore \vec{r} = (1, 1, 1) + k\ (2, 3, 4),\ k \in R$

$\therefore \frac{x-1}{2} = \frac{y-1}{3} = \frac{z-1}{4}$

**નોંધ :** $\overrightarrow{\mathbf{BC}} = (4, 0, -2)$ જે આપેલ વિકલ્પોમાં માત્ર (A)માં આપેલી રેખાને જ લંબ છે. **જવાબ : (A)**

(27) જો $\overrightarrow{AB}$ ના $\overleftrightarrow{OX}$, $\overleftrightarrow{OY}$ અને $\overleftrightarrow{OZ}$ પરના પ્રક્ષેપ અનુક્રમે 3, 4 અને 12 હોય તો $|\overrightarrow{\mathbf{AB}}|$ = ......

(A) 169 (B) 144 (C) 19 (D) 13

**ઉકેલ :** $\overrightarrow{\mathbf{AB}} = x_1\hat{i} + x_2\hat{j} + x_3\hat{k}$ હોય, તો $\overrightarrow{\mathbf{AB}}$ નો $\overleftrightarrow{OX}$ પરનો પ્રક્ષેપ $= \overrightarrow{\mathbf{AB}} \cdot \hat{i}$.

$\therefore\ x_1 = 3$ . તે જ પ્રમાણે $x_2 = 4,\ x_3 = 12$

$\therefore\ |\overrightarrow{\mathbf{AB}}| = \sqrt{x_1^2 + x_2^2 + x_3^2} = 13$ **જવાબ : (D)**

(28) જો બે રેખાઓના દિક્ગુણોત્તર $3lm - 4ln + mn = 0$ અને $l + 2m + 3n = 0$ નું સમાધાન કરે, તો તે બે રેખાઓ વચ્ચેના ખૂણાનું માપ ......

(A) $\frac{\pi}{2}$ (B) $\frac{\pi}{3}$ (C) $\frac{\pi}{4}$ (D) $\frac{\pi}{6}$

**ઉકેલ :** $l = -2m - 3n$ પરથી મળતું $l$ નું મૂલ્ય $3lm - 4ln + mn = 0$ માં મૂકતાં,

$3m(-2m-3n) - 4(-2m-3n)n + mn = 0$

$\therefore\ -6m^2 - 9mn + 8mn + 12n^2 + mn = 0$

$\therefore\ m^2 = 2n^2$

$\therefore\ m = \pm\sqrt{2}\,n$

હવે $m = \sqrt{2}n$ લેતાં $l = -2\sqrt{2}n - 3n$ અને $m = -\sqrt{2}n$ લેતાં $l = 2\sqrt{2}n - 3n$

$\therefore$ બંને રેખાઓના દિક્ગુણોત્તર, $-2\sqrt{2} - 3,\ \sqrt{2},\ 1$ અને $2\sqrt{2} - 3,\ -\sqrt{2},\ 1$

ધારો કે બે રેખા વચ્ચેના ખૂણાનું માપ $\theta$ છે.

$\left(-2\sqrt{2}-3,\ \sqrt{2},\ 1\right) \bullet \left(2\sqrt{2}-3,\ -\sqrt{2},\ 1\right) = -(8-9) - 2 + 1 = 0$

$\therefore\ \theta = \frac{\pi}{2}$ **જવાબ : (A)**

(29) રેખાઓ $\vec{r} = (1, -1, 0) + k\,(2, 0, 1),\ k \in R$ અને $\frac{x-2}{1} = \frac{y+1}{1} = \frac{z-a}{-1}$ વચ્ચેનું લઘુતમ અંતર $\frac{1}{\sqrt{14}}$ હોય, તો $a$ = ......

(A) 0 અથવા –1 (B) 0 અથવા 1 (C) 1 અથવા –1 (D) 2 અથવા –2

**ઉકેલ :** $\vec{r} = (1, -1, 0) + k\,(2, 0, 1)$, $k \in R$ અને $\frac{x-2}{1} = \frac{y+1}{1} = \frac{z-a}{-1}$ માટે,

$\vec{a} = (1, -1, 0),\ \vec{l} = (2, 0, 1)$ અને $\vec{b} = (2, -1, a),\ \vec{m} = (1, 1, -1)$

$\vec{l} \times \vec{m} = (2, 0, 1) \times (1, 1, -1) = (-1, 3, 2)$ આથી $|\vec{l} \times \vec{m}| = \sqrt{14}$

$(\vec{b} - \vec{a}) \cdot (\vec{l} \times \vec{m}) = (1, 0, a) \cdot (-1, 3, 2) = -1 + 2a$

હવે લઘુતમ અંતર $= \dfrac{|(\vec{b}-\vec{a})\cdot(\vec{l}\times\vec{m})|}{|\vec{l}\times\vec{m}|}. = \dfrac{|2a-1|}{\sqrt{14}} = \dfrac{1}{\sqrt{14}}$

$\therefore\ 2a-1=1$ અથવા $2a-1=-1$

$\therefore\ a=1$ અથવા $a=0$ **જવાબ : (B)**

(30) જો રેખા $X$-અક્ષ અને $Y$-અક્ષની ધન દિશા સાથે $\frac{\pi}{4}$ માપનો ખૂણો બનાવે, તો $Z$-અક્ષની ધન દિશા સાથે ...... માપનો ખૂણો બનાવશે.

(A) $\frac{\pi}{3}$ (B) $\frac{\pi}{4}$ (C) $\frac{\pi}{2}$ (D) $\frac{\pi}{6}$ (AIEEE : 2007)

**ઉકેલ :** જો રેખાના દિક્‌ખૂણાઓ $\alpha, \beta, \gamma$ હોય, તો $cos^2\alpha + cos^2\beta + cos^2\gamma = 1$

$\therefore\ cos^2\frac{\pi}{4} + cos^2\frac{\pi}{4} + cos^2\gamma = 1$

$\therefore\ \frac{1}{2} + \frac{1}{2} + cos^2\gamma = 1$

$\therefore\ cos^2\gamma = 0$. આથી, $cos\gamma = 0$

$\therefore\ \gamma = \frac{\pi}{2}$ **જવાબ : (C)**

(31) રેખાઓ $\dfrac{x-1}{k} = \dfrac{y-2}{2} = \dfrac{z-3}{3}$ અને $\dfrac{x-2}{3} = \dfrac{y-3}{k} = \dfrac{z-1}{2}$ છેદક રેખાઓ હોય, તો $k$ નું પૂર્ણાંક મૂલ્ય ......

(A) –2 (B) –5 (C) 5 (D) 2 (AIEEE : 2008)

**ઉકેલ :** રેખાઓ $\dfrac{x-1}{k} = \dfrac{y-2}{2} = \dfrac{z-3}{3}$ અને $\dfrac{x-2}{3} = \dfrac{y-3}{k} = \dfrac{z-1}{2}$ માટે

$\vec{a} = (1, 2, 3),\ \vec{l} = (k, 2, 3)$ અને $\vec{b} = (2, 3, 1),\ \vec{m} = (3, k, 2)$

આપેલ રેખાઓ છેદક રેખાઓ છે અને તેથી તે સમતલીય છે.

$$\therefore \begin{vmatrix} x_2-x_1 & y_2-y_1 & z_2-z_1 \\ l_1 & l_2 & l_3 \\ m_1 & m_2 & m_3 \end{vmatrix} = 0$$

